નવેમ્બર-૨૦૨૬
વર્ષ : ૧૯
અંક : ૦૫
મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)

શુભ દીપાવલી એવં નૂતન વર્ષાભિનંદન

સર્વે સન્માનનિય સમાજબંધુઓ,

રામ રામ...જય સમાજ સહ સાદર વંદન...
વિક્રમ સંવત ૨૦૮૩નું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં નવી આશા - ઉમંગ સાથે રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ એવં શાંતિ-સુરક્ષા, તંદુરસ્ત સ્વાસ્થ્ય, સદ્‌ભાવના લાવે તેવા શુભ સંદેશ સાથે સર્વે સમાજબંધુઓને દીપાવલી પર્વની હાર્દિક શુભકામના... એવં નૂતન વર્ષાભિનંદન...



'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
(પ્રમુખશ્રી, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા)



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા ત્રિ-વાર્ષિક અધિવેશન - માધાપર (કચ્છ)
તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન
તા. ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૨૬, સ્થળ : યક્ષ મંદિર, માધાપર (કચ્છ)

If undelivered please return to :
Setu Samaj Sandesh
'Samajratna' Shri Vinodbhai Purushottambhai Solanki
Karyalay Bhawan, Vijaynagar,
ANJAR - KUTCH 370 110.
Mo. 9909069057

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

RHODAMINE B 540%

Basic Violet 10 & Other Qualities

BASIC RHODAMINE B BASE

BASIC DYES FOR

Paper, Textile Printing & Leather

Factory : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

Residence : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

E-mail : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

॥ વિદ્યાદાન મહાદાન ॥ ॥ પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ ॥ ॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષેત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. **09460100003842**માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. **09427767810**ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની રજી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

: પ્રેરણા સ્ત્રોત :

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

સેતુ સમાજ સંદેશ

'સમાજરત્ન' 'સમાજ સંરક્ષક'





સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવલિયા
રાયપુર (છત્તીસગઢ)

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્ન શ્રી'
વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ ટાંકોડ

વર્ષ : ૧૯ અંક : ૦૫ નવેમ્બર-૨૦૨૬

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિયાર
અંજાર (કચ્છ)

તમામ સમસ્યાઓનું સમાધાન આપણી ઉત્સવ પરંપરા

નમસ્કાર... સર્વે સમાજબાંધવોને નવદુર્ગાની આરાધનાનું પર્વ એટલે કે નવરાત્રીની ખુબ ખુબ શુભકામના. સમગ્ર હિન્દુ સમાજ અને ખાસ કરીને ગુજરાતીઓ માતાજીનું સ્થાપન કરી અને રાત્રે ગરબાનો રાસ રમી, માતાજી ભક્તિ અને સાધના થી શક્તિની પ્રાપ્તી કરે છે. ત્યાર બાદ નવ દિવસની માતાજીની સાધના દ્વારા મેળવેલ શક્તિથી દશમા દિવસે પોતાની અંદર અને બહાર રહેલ અંધકાર, દુર્ગુણો, કુટેવો, કુરીવાજો, માનવ જીવનને સતાવતા દુશ્મનો રૂપી રાવણનો નાશ કરી વિજય મેળવે છે. માનવ જીવનને અંધકાર અને દુર્ગુણો, કુટેવો, કુરીવાજો, કુસંસ્કારોથી મુક્તિ મેળવી વિજય પર્વ મનાવે છે એટલે કે વિજ્યાદશમી પર્વ પ્રતિકાત્મક દશ માથા વાળા રાવણનો દહન કરી ઉજવણી કરે છે અને ત્યારબાદ આ વિજય ઉત્સવથી પ્રકાશોત્સવ તરફ આપણું પ્રયાણ એટલે કે દિપાવલીનો પર્વ તેમાં પણ આપણે લક્ષ્મીજીની ઉપાસના, ભગવાન શ્રી રામની ઉપાસના કરી માનવ રામ રાજ્યની ઉજવણી દિવાઓના ઝગમગાટ અને ફટાકડાના ગુંજારવ કરી વર્ષની વિદાય અને નવા વર્ષનો પ્રારંભ પવિત્ર અને પાવન વાતાવરણમાં બધા જ એકબીજાને શુભકામનાઓ અને અભિનંદન પાઠવી ભવ્ય રીતે કરીએ છીએ. એટલું જ નહીં નવા વર્ષનો બીજો દિવસ એટલે કે ભાઇબીજ એ સમાજીક સંબંધોનું પવિત્ર પર્વ દરેક બહેનના ઘરે ભાઇ પધારે છે અને બહેન ભાઇને અને ભાઇ બહેનને પરસ્પર સુખમય જીવનની શુભકામનાઓ આપે છે. આમ સમગ્ર આસો માસએ હિન્દુ સમાજ માટે ઉત્સવો અને જાગરણનો વિશેષ મહિનો છે તેના આગમનથી અંત સુધી માનવ જીવનને જાગરણ કરવી સત્ય રસ્તે ચાલવા અંગેની પ્રબળ સાધનાઓથી શક્તિ મેળવી વિજય મેળવી જીવનને પ્રકાશીત કરવા આ પરંપરાગત હજારો વર્ષોથી ચાલતી આ અવિરત યાત્રા આ બધા હેતુઓ કે અર્થને છોડી એક કર્મકાંડ કે પ્રક્રિયા બની ગઇ છે એવું નથી લાગતું ?

વિચારજો, હિન્દુ તરીકે વિચારવાની જરૂર છે અને આપણો સમાજ તો ભણેલ-ગણેલ અને સમજણવાળો સમાજ છે. હાલમાં કુસંસ્કાર, કુટેવો, કુરીવાજો અને બિમારી રૂપી રાક્ષસનો નાશ માત્ર જાગૃતિથી જ સંભવ છે. આ તહેવારોનો સંદેશ છે આવા અનેક રાક્ષસો આપણને પીડીત કરે છે. તેમાંથી મુક્ત થઇએ. અને આ માત્ર આપણા બદલાવથી સંભવ છે. કોઇ એવી સમસ્યા નથી જેનું સમાધાન ના હોય. માત્ર જરૂર છે સમસ્યાને સમજવાની, તેના પર વિચાર કરવાની અને તેના માટે સતત પ્રયાસ કરવાની. આપણે જે બિમારીઓ આવે છે તે વાસ્તવમાં શારીરીક, માનસીક અને વ્યવહારીક અસંતુલન છે. તેનું સમાધાન જીવનના તમામ પાસાનું સંતુલન કરવું એ માટે આપણું જીવન વ્યવહાર સંતુલીત થાય. આ અંગે આપણે શરીર રચના, પ્રકૃતિકતાને સમજવી પડે અને જે કુદરતી રચનાઓ છે તેને પુરક જીવન વ્યવહાર બનાવવા અને સમજવું એ વિશાળ વિષય છે પરંતુ આપણે તેને ટુંકમાં સમજીએ તો પણ આપણે અને આપણો પરિવારનુ બિમારીથી બચાવી શકીએ. નીચે બતાવેલા કેટલાક બિંદુઓનો અમલ કરવો જરૂરી છે.

(૧) શરીર સંતુલન માટે : ખાનપાન અને રહેન-શહેન

(૧) ખાનપાન : કેમીકલ કે ઝહેર મુક્ત અન્ન લેવું, પ્રિઝર્વેટીવ વગરનું તાજુ અન્ન લેવું, બને ત્યાં સુધી બહુ ઠંડુ કે ફ્રીઝનું અન્ન ન લેવું, બહુ મીશ્રીત આહાર વધુ વિવિધતા વાળું એક સાથે ન લેવું, બધા જ તત્વો અને બધા જ રસ મળી રહે તેવું ભોજન લેવું, ઋતુમાં જ ઉગતા ફળ, શાકભાજી કે અનાજ ખાવા, સવાર, બપોર અને સાંજ માટે અનુકુળ ખોરાક લેવો, ભોજન ભુખ હોય તે મુજબ લેવું, ભોજન એકદમ ચાવીને રસ બનાવીને ખાવું. પાણી ઘુટડે, ઘુટડે અને બેસીને જ પીવું, પાણી શક્ય હોય તો ફુંફાળું પીવું, ઠંડું પાણી ન પીવું. ભોજન સમયસર, નિયમીત અને નિશ્ચિત લેવું. શક્ય હોય તો ઘરનું ભોજન લેવું, બહારનું, પેકીંગ, રેકડીઓનું ન લેવું. બે ભોજન વચ્ચે મીનીમમ ૬ કલાકનો સમય રહે તો સારૂં. ભોજન પોતાની શરીરની તાસીર અનુરૂપ હોવું જરૂરી છે. શક્ય હોય તો વર્ષા જલ સંગ્રહ કરી પાણી પીવું આર.ઓ.નું પાણી ન પીવું.

(૨) રહેન-શહેન : વહેલા ઉઠવું, વહેલા સુવું, રાત્રી ભોજન સૂર્યાસ્ત પહેલા લેવું, સવારનો તડકો લેવો, રોજ ચાલવાનું રાખવું, યોગ, પ્રાણાયામ કરવા, ઘરમાં હવા અને સૂર્ય પ્રકાશ પ્રબંધન હોય, ઘરના નિર્માણમાં પગ ઠંડા ન થાય અને માથું ગરમ ન થાય તેનું ધ્યાન રાખવું. ઋતુ અનુકુળ કપડા પહેરવા, ઘરના પોતાના કાર્યો જાતે કરવા, શ્રમનું મહત્વ પરિવારમાં હોવું એ આરોગ્ય મોટી સાધના છે.

ઉપર મુજબના ખાનપાન અને રહેન-શહેરએ શરીર રૂપી મંદિરમાં બિરાજમાન પરમ આત્મા (પરમાત્મા)ની પૂજા છે. આ પણ સ્વયંનું જાગરણ છે. આજના સાંપ્રત સમયમાં આ રાક્ષસ સામે વિજય મેળવવો જરૂરી છે.

તંત્રી

મુખ્ય કાર્યાલય :
'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ
પુરૂષોત્તમભાઈ સોલંકી કાર્યાલય ભવન
વિજયનગર,
અંજાર (કચ્છ)

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઈટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

માધાપર (કચ્છ)

તા. ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર - ૨૦૨૬, શુક્રવાર, શનિવાર, રવિવાર

।। આત્મિય નિમંત્રણ ।।

આત્મીય સમાજબંધુઓ... જય સમાજ... જય સિયારામ... અત્યંત હર્ષ સાથે જણાવવાનું કે, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું ત્રિ-વાર્ષિક અધિવેશન અને વિરાટ સગપણ સંમેલનનું આયોજન માદરે વતન કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા માધાપર ઘટકના સૌજન્યથી અને તેમના ભવ્ય આતિથ્યમાં તા. ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૨૬ના યક્ષ મંદિરના વિશાળ પ્રાંગણમાં યોજાવા જઈ રહ્યું છે. દરેક સમાજબંધુઓને સમાજ સંગઠનના આ યજ્ઞમાં હાજર રહેવા અને પોતાનું યથોચ્ચિત યોગદાન આપવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

:: સમય સારણી ::

તા. ૨૫ ડિસેમ્બર - ૨૦૨૬, શુક્રવાર

સવારે ૭.૦૦ થી ૯.૦૦	:	આગમન - ચા-નાસ્તો
સવારે ૯.૦૦ થી ૧૧.૩૦	:	માધાપર ઘટક દ્વારા શોભાયાત્રા અને ઉદ્‌ઘાટન સમારોહ
સવારે ૧૨.૧૫	:	મેરેજ બ્યુરો ઉદ્‌ઘાટન - રજીસ્ટ્રેશન
બપોરે ૧.૦૦ થી ૩.૩૦	:	ભોજન - વિશ્રામ
બપોરે ૩.૩૦ થી ૭.૩૦	:	મેરેજ બ્યુરોના વિવિધ કાર્યક્રમો
બપોરે ૩.૩૦ થી ૭.૩૦	:	મહાસભાની પ્રતિનિધિ અને ઘટક પ્રમુખશ્રીઓની ખાસ સભા
રાત્રે ૭.૩૦ થી ૯.૦૦	:	રાત્રી ભોજન
રાત્રે ૯.૦૦ થી ૧૧.૩૦	:	માધાપર ઘટક દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

તા. ૨૬ ડિસેમ્બર - ૨૦૨૬, શનિવાર

સવારે ૭.૦૦ થી ૯.૦૦	:	સવારનો ચા-નાસ્તો
સવારે ૯.૩૦ થી ૧.૦૦	:	મેરેજ બ્યુરોના વિવિધ કાર્યક્રમો
સવારે ૯.૩૦ થી ૧.૦૦	:	મહાસભાની કારોબારી સમિતિની મીટીંગ
સવારે ૯.૩૦ થી ૧.૦૦	:	અખિલ ભારતીય મહિલા મહામંડળની કારોબારી અને સામાન્ય સભા
બપોરે ૧.૦૦ થી ૩.૩૦	:	ભોજન વિશ્રામ
બપોરે ૩.૩૦ થી ૭.૩૦	:	મહાસભાની કારોબારી સમિતિની મીટીંગ
બપોરે ૩.૩૦ થી ૭.૩૦	:	મેરેજ બ્યુરોના વિવિધ કાર્યક્રમો
બપોરે ૪.૦૦ થી ૭.૩૦	:	અખિલ ભારતીય યુવા મહામંડળની કારોબારી અને સામાન્ય સભા
રાત્રે ૭.૩૦ થી ૯.૦૦	:	રાત્રી ભોજન
રાત્રે ૯.૦૦ થી ૧૧.૩૦	:	સાંસ્કૃતિક કાર્યક્રમ


તા. ૨૭ ડિસેમ્બર - ૨૦૨૬, રવિવાર

સવારે ૭.૦૦ થી ૯.૦૦	:	સવારનો ચા-નાસ્તો
સવારે ૯.૩૦ થી ૧.૦૦	:	મહાસભાની બંધારણીય સામાન્ય સભા
બપોરે ૧.૦૦ થી ૩.૦૦	:	ભોજન વિશ્રામ
બપોરે ૩.૩૦ થી ૬.૩૦	:	મહાસભાની બંધારણીય સામાન્ય સભા - આભારદર્શન-પૂર્ણાહુતિ સમારોહ
રાત્રે ૭.૩૦ થી ૯.૦૦	:	રાત્રી ભોજન

॥ જય સીયારામ ॥

દીપાવલી પર્વની શુભકામના સહ
નૂતન વર્ષાભિનંદન





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના મારા સર્વે વ્હાલા સમાજબંધુઓને ''દીપાવલી પર્વ તથા નૂતન વર્ષાભિનંદન''.

આપ તથા આપના સમગ્ર પરિવારનું જીવન સુખ, શાંતિ, આનંદ અને સ્વાસ્થ્યથી ભરપૂર રહે, આપના જીવનમાં રિદ્ધિ-સિદ્ધિ, સુખ-સમૃદ્ધિ અને સફળતાનો સતત વધારો થાય, તેમજ આપના દરેક શુભ સંકલ્પો પૂર્ણ થાય તેવી પ્રભુ શ્રીરામના શ્રીચરણોમાં હૃદયપૂર્વક પ્રાર્થના.

આ નૂતન વર્ષ આપના પરિવાર માટે નવી આશાઓ, નવા અવસર અને નવી સિદ્ધિઓ લઈને આવે. આપના ઘર-આંગણે હંમેશા સુખ-શાંતિ, પ્રેમ-સ્નેહ અને સમૃદ્ધિનો પ્રકાશ પથરાતો રહે.

સમાજમાં સૌના સાથ-સહકાર, એકતા અને ભાઈચારાથી આપણો સમાજ ઉત્તરોત્તર પ્રગતિના નવા શિખરો સર કરે તેવી શુભકામનાઓ. જય શ્રી રામ... જય સમાજ...

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી,
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944


દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી





દુર્ગ ઘટક મહિલા મંડલ ટીમ દ્વારા
(હસ્તે પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચંદુલાલભાઈ ચાવડાના નેતૃત્વમા)
ઘોષિત દાન રાશી ₹ .1,11,111/- ની
સંપૂર્ણ રાશિ સધન્યવાદ પ્રાપ્ત થવા બદલ
પીસેગાંવ સમાજ ભવન નિર્માણ સમિતિ, દુર્ગ
હદયથી આભાર આપે છે તથા એમના
સદૈવ સહયોગ તથા સહકાર
માટે કૃતજ્ઞભાવ દર્શાવે છે
। જય સમાજ ।

₹. 1,01,000/-



સ્વ. ભગતરાજભાઇ હિરજીભાઇ ટાંક ની પુણ્ય સ્મૃતિમાં ગ.સ્વ.વિજયાબેન ભગતરાજભાઇ ટાંક, શ્રી દીપકભાઇ ભગતરાજભાઇ ટાંક
તથા શ્રી દીપેશભાઇ ભગતરાજભાઇ ટાંક દ્વારા પ્રદત્ત (દેશ માં ગામ - દિવરીયા, હાલ મુકામ દુર્ગ)



સમાજ રત્નશ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (મહાસભા પ્રમુખ)
શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખ), શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર
(મહાસભા વરિષ્ઠ મહામંત્રી) દ્વારા નવનિર્માણાધીન દુર્ગ ઘટક સમાજ ભવનની સાઈટ પર અવલોકન સાથે
મહતિ માર્ગદર્શન અવસરે સાથે ઉપસ્થિત સમાજબાંધવો તથા દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં હોદેદારો....

સર્વે ભામાશાહો,
ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને
હદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે
છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટક વતી
આભાર... આભાર..... આભાર.....

બહુઉદ્દેશીય-ભવ્ય સમાજ ભવનના નિર્માણનુ કાર્ય પણ વૃહદ છે...
ફુલ અને ફુલની પાંખડી રૂપી
આર્થિક સહાયની અપેક્ષાઓં સાથે....

....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....

વિશેષ- બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAAJUL # 8839402752

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

માધાપર (કચ્છ)

મહાસભાના પ્રતિનિધિશ્રીઓ અને ઘટક પ્રમુખશ્રીઓની ખાસ સભા

પ્રતિશ્રી,

તા. ૭/૧૦/૨૦૨૬

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સૌ પ્રતિનિધિશ્રીઓ અને ઘટક પ્રમુખશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના પ્રતિનિધિશ્રીઓ અને ઘટક પ્રમુખશ્રીઓની ખાસ સભા કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા માધાપર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

તા. ૨૫/૧૨/૨૦૨૬, શુક્રવાર, સમય : બપોરે ૪.૦૦ થી સાંજે ૭.૩૦ કલાક સુધી
સ્થળ : યક્ષ મંદિર પ્રાંગણ, માધાપર (કચ્છ)

:: કાર્યસુચી ::

- ★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
- ★ મહાસભાના આદ. પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન
- ★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન
- ★ પ્રતિનિધિ સભા અને પદાધિકારીઓ, કારોબારી સભ્યોના આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય
- ★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
- ★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

નોંધ : ઉપરોક્ત સભામાં વિચારણાર્થે મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૬** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

વિશેષ નોંધ :– મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં ૧૫/૧૨/૨૦૨૬ સુધી મોકલાવવા અને સાથે લાવવા.

સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – મહામંત્રીશ્રી મહાસભા
'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી કાર્યાલય ભવન, વિજયનગર,
હોસ્પીટલ સામે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦.

વિનિત : શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

માધાપર (કચ્છ)

મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિશ્રી,

તા. ૭/૧૦/૨૦૨૫

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા માધાપર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

તા. ૨૬/૧૨/૨૦૨૬, શનિવાર, સમય : સવારે ૯.૩૦ થી બપોરે ૧.૦૦ અને બપોરે ૩.૩૦ થી ૭.૩૦ કલાક સુધી , સ્થળ : યક્ષ મંદિર પ્રાંગણ, માધાપર (કચ્છ)

:: કાર્યસુચી ::

- ★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
- ★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
- ★ મહાસભાના આદ. પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન
- ★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્બોધન
- ★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૫-૨૬ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
- ★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
- ★ પ્રતિનિધિ સભા અને પદાધિકારીઓ, કારોબારી સભ્યોના આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય
- ★ પ્રાદેશિક સમિતિના અહેવાલો
- ★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
- ★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

નોંધ : ઉપરોક્ત સભામાં વિચારણાર્થે મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૬** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

વિશેષ નોંધ :– મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં ૧૫/૧૨/૨૦૨૬ સુધી મોકલાવવા અને સાથે લાવવા.

સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – મહામંત્રીશ્રી મહાસભા

'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી કાર્યાલય ભવન, વિજયનગર, હોસ્પીટલ સામે, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦.

વિનિત : શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
ત્રિ-વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

માધાપર (કચ્છ)

મહાસભાની ત્રિવાર્ષિક સામાન્ય સભાની સુચના – આમંત્રણ

તા. ૭/૧૦/૨૦૨૬

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ તથા સર્વે ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બન્ને પાંખો, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની ત્રિ-વાર્ષિક સામાન્ય સભાની બેઠક કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા માધાપર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

તા. ૨૭/૧૨/૨૦૨૬, રવિવાર, શનિવાર, સમય : સવારે ૯.૩૦ થી ૧.૦૦, બપોરે ૩.૩૦ થી ૬.૩૦ સ્થળ : યક્ષ મંદિર પ્રાંગણ, માધાપર (કચ્છ)

:: કાર્યસુચી ::

- ★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
- ★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
- ★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્બોધન તથા ત્રિ-વાર્ષિક પ્રતિવેદન
- ★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્બોધન
- ★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૫-૨૬ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
- ★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
- ★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ
- ★ મહાસભાના મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, સહમંત્રીશ્રીઓના અહેવાલ
- ★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ અને વિવિધ સમિતિના અહેવાલો
- ★ કાર્યવાહક સમિતિની સભામાં થયેલ સુચન-સુઝાવોની જાણકારી તથા બહાલી
- ★ ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ચૂંટણીના પરિણામની વિધીવત ઘોષણા તથા નવા ચૂંટાયેલ મહાસભાના આદરણીય પ્રમુખશ્રીને મંચ પર આમંત્રણ
- ★ મહાસભાના નવનિર્વાચીત આદરણીય પ્રમુખશ્રીને ચૂંટણી અધિકારીશ્રી દ્વારા પ્રમાણપત્ર અર્પણવિધી તથા સ્વાગત
- ★ મહાસભાના નવનિર્વાચીત પ્રમુખશ્રી, અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રી, અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું અભિવાદન
- ★ નવનિર્વાચીત પ્રમુખશ્રીનું ઉદ્બોધન
- ★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચનો
- ★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતીથી અન્ય રજુઆત
- ★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

:: વિનિત ::

શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪



Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

'संजीवनी संकल्पधारी परिवार'

:: प्रतिमास રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::

'संजीवनी सम्राट' समाजरत्न श्रीमान विनोदभाई परसोत्तमभाई सोलंकी परिवार - माधापर
(प्रमुख, श्री कच्छ गुर्जर क्षत्रिय समाज महासभा)
'संजीवनी सम्राट' मातृश्री पुष्पाबेन धारशीभाई गोविंदभाई चौहाण परिवार - नागपुर

:: प्रतिमास રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

श्री सुनिलभाई विश्रामभाई चावडा परिवार - हैद्राबाद
(उपप्रमुखश्री महासभा)
श्री भोगीलालभाई देवसीभाई चावडा परिवार - मुन्द्रा
(उपप्रमुखश्री महासभा)
स्व. श्री मणीलालभाई केशवजीभाई चावडा परिवार - रायपुर
(पूर्व प्रमुखश्री महासभा)
सी.એ. श्री मुकुन्दभाई पुरुषोत्तमभाई चौहाण परिवार - सुरत
श्री जीग्नेशभाई मगनलालभाई जेठवा परिवार - कल्याण
श्री राजेशभाई दयारामभाई राठोड परिवार - नैरोबी (आफ्रिका)
श्री संदिपभाई प्रभुलालभाई चावडा परिवार - पुना
श्री शीवलालभाई करसनभाई चावडा (मामाश्री) - जयपुर

:: प्रतिमास રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::

कर्नल सत्येन डी. राठोडसर - अमदावाद
श्री भुपेशभाई श्यामसुंदरभाई चावडा - पूना
श्रीमती मीनाबेन अशोकभाई धारशीभाई टांक - नागपुर
स्व. मायाबेन लक्ष्मणभाई अरजणभाई परमार परिवार - आदीपुर
श्री राजेशभाई सूर्यकान्तभाई राठोड - टाटानगर
श्रीमती भावनाबेन उमेशभाई चौहाण - कुकमा
श्रीमती लेखाबेन (डॉ.) बकुलभाई चावडा सर - हैद्राबाद
श्री केशवजीभाई मूरजीभाई चावडा परिवार - रायपुर

:: प्रतिमास રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

प्रो. श्री गोपालभाई पी. चावडासर - हैद्राबाद
बी.जे. चौहाण એસોસિએટ્સ - आदीपुर
ब्र.कु. બાબુભાઈ અરજણભાઈ પરમાર - माधापर (उपप्रमुखश्री महासभा)
श्री लीलाधरभाई रतिलालभाई खोडियार - शहडोल (महाकौशल प्रा.प्रमुख)
श्रीमती अनसुयाबेन જેરામભાઈ પરમાર - कुकमा
श्री दयारामभाई परબતભાઈ चौहाण - विशाखापट्टनम
श्री रामજીભાઈ नानજીભાઈ જેઠવા परिवार - खડગપુર-બાલાઘાટ
श्री अनिलभाई पुरुषोत्तमभाई खोडियार परिवार - अंजार
श्रीमती બબિતાબેન વિજયભાઈ चौहाण - मुंबई
संजीवनी सरताज श्री जगदीशभाई राજાભાઈ राठोड परिवार - धनબાદ-લંડન
श्रीमती लेखाबेन गोविंदભાઈ टांक - मोरબી
श्री मनोहरભાઈ विरમભાઈ टांક - अમદાવાદ
श्री परेशभाई गोविंदभाई चौहाण - राજકોટ (उपप्रमुखश्री महासभा)
श्री नविनभाई प्रेमજીભાઈ यादव - माधापर (घटक प्रमुखश्री हाજાપર)
श्रीमती कोमलबेन मोहनભાઈ चौहाण - तराना ग्रुप - अमदावाद-लખનૌ
संजीवनी सरताज श्री प्रदिपभाई चत्रભુજભાઈ चौहाण - नागपुर

:: प्रति मास રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::

गं.स्व. मायाबेन ભરતભાઈ વલમજીભાઈ વાઢેર - अंजार
श्री प्रतिકભાઈ દિનેશભાઈ टांक - वरीજ महामंत्री अ.भा.युवा महामंडળ-अंજાર
श्री किशोरभाई वालજીભાઈ परमार - धनबाद (प्रमुख कोलફીલ્ડ પ્રા.)
श्री विજયભાઈ प्राગજીભાઈ पढिआर - अंजार
श्री विनोदभाई अमरशीभाई राठोड परिवार (खंभरा) अंजार
श्री निशांतभाई निलेशभाई राठोड - हैद्राबाद
श्री गीरीशभाई पुरुषोत्तमभाई चावडा - राजनांदगांव
श्री प्रકાશભાઈ हीरજીભાઈ टांक - राजनांदगांव
श्रीमती भूમિકાબેન નિતિનભાઈ माधવજીભાઈ વરૂ - राઉરકેલા
श्री અરૂણકુમાર कांतिलालभाई चौहाण परिवार - माधापर
कु. ઇશા राજેશભાઈ नरेन्द्रभाई चौहाण परिवार - हैद्राબાદ
श्री જયનેન્દ્રભાઈ कांतिलालभाई जेठवा - जબલપુર

(**विनंती :** उपरोक्त दाताश्रीओना नाम, गाम, रकम, विगत वगेरेमां जो कंई विसंगतता जणाय तो ध्यान दोरवा विनंती.)

(**नोंध :** उपरोक्त योजना हेठळ सहयोग राशी चालु न राखवाना संजोगोमां त्वरीत जाण करवा विनम्र विनंती.)



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


અભિલાષા-૫

।। શિક્ષણ દાન એજ મહાદાન ।।

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

સૌ સમાજબાંધવોને નૂતન વર્ષાભિનંદન ! સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે કાર્યરત મહાસભા અભિલાષા સમિતિ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં **તા. ૩૦/૯/૨૦૨૬ સુધી કુલ ૪૬ જેટલા છાત્રોની તમામ અરજીઓ સ્વીકારી રૂા. ૫,૩૦,૦૦૦/– (પાંચ લાખ ત્રીસ હજાર)ની શિક્ષણ સહાયનું વિતરણ કરવામાં આવેલ છે.** આશા છે કે શિક્ષણ સહાય પ્રાપ્ત કરનાર છાત્રો આગળ જતાં સારૂં શિક્ષણ મેળવી સમાજનું ઋણ ચુકાવશે.



ખુશી અને સંતોષની વાત છે કે, આપણા સમાજની નવી પેઢી આર્થિક ઉપાર્જન કરતી થાય તો સૌ પ્રથમ પોતાના વડીલોને યાદ કરે છે. આપણા સમાજની એક હોનહાર દિકરી **ચિ. ચારૂલ દિલીપભાઈ ચાવડા – રાયપુર** હાલે સાઉથ કોરિયામાં જોબ કરે છે. તેમણે પોતાની ઈન્કમમાંથી વહાલસોયા **દાદા સ્વ. કેશવજીભાઈ મુલજીભાઈ ચાવડાના સ્મરણાર્થે રૂા. ૨૫,૦૦૦/– (પચ્ચીસ હજાર)નું નોંધપાત્ર દાન આપી અન્ય છાત્રો માટે જ્વલંત અને આદર્શ ઉદાહરણ પુરૂં પાડેલ છે.** દિવંગત દાદાજી પ્રત્યે આનાથી વધારે સ્નેહ અને આદર બીજું શું હોય શકે ? પોતાના ઉદાર સહયોગ બદલ ચિ. ચારૂલબેન ચાવડાને આ સમિતિ તરફથી ખુબ ખુબ અભિનંદન અને આભારની લાગણી પ્રગટ કરીએ છીએ.



આવા જ એક પ્રેરક ઉદાહરણમાં મુંબઈ ઘટકના પૂર્વ પ્રમુખ **શ્રી નવિનભાઈ યાદવ – પ્રમુખશ્રી, હાજાપર** ઘટક પોતે વ્યક્તિગત રીતે સમાજના જરૂરતમંદ છાત્રોને મદદરૂપ બને છે તે રીતે



પોતાના વહાલસોયા અને અંગદાનવીર પુત્ર **સ્વ. જિગ્નેશભાઈ યાદવના સ્મરણમાં રૂા. ૧૦,૦૦૦/– નું દાન આપી આ સમિતિને મદદરૂપ બન્યા છે.** સ્વ. જિગ્નેશ યાદવને શ્રદ્ધાંજલી સાથે દાતાશ્રી નવીનભાઈનો આભાર માનવામાં આવે છે.

સેવાભાવના આ ક્રમમાં ચારધામની સફળ યાત્રા પુરી કરીને પરત આવેલા કુકમા નિવાસી **શ્રીમતી અનિતાબેન તથા શ્રી કિરણભાઈ પુરૂષોત્તમભાઈ ચૌહાણ દંપતિએ પણ આ સમિતિને રૂા. ૫૦૦૦/– નું દાન આપી અનોખું ઉદાહરણ પુરૂં પાડેલ છે.** દાતાશ્રીનો આભાર માનીએ છીએ.

તા. ૩૦/૯/૨૦૨૬ સુધી મેળલ દાનની વિગત

રૂા. ૧૧,૦૦૦	'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી	(માસિક દાન)
રૂા. ૫,૦૦૦	શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ – કુમ્હારી	(માસિક દાન)
રૂા. ૨,૧૦૦	શ્રી બાબુભાઈ સામજીભાઈ ચૌહાણ – માધાપર	(માસિક દાન)
રૂા. ૨,૧૦૦	ડૉ. શ્રી બકુલચંદ્ર ચાવડા – હૈદ્રાબાદ	(માસિક દાન)
રૂા. ૨,૦૦૦	શ્રીમતી લીનાબેન વિપીનભાઈ રાઠોડ – બેંગ્લોર	(માસિક દાન)
રૂા. ૧,૧૦૦	સ્વ. રમેશભાઈ ભવાનજીભાઈ ચૌહાણ, હ. નયનાબેન – ગાંધીધામ	(પૂણ્ય તિથિ ૨૭/૮)
રૂા. ૫૦૦	શ્રી અરૂણભાઈ કાન્તિલાલ ચૌહાણ – માધાપર	(માસિક દાન)
રૂા. ૫૦૦	શ્રી હર્ષદભાઈ કેશવજીભાઈ	(માસિકદાન)

તમામ દાતાશ્રીઓનો અભિલાષા સમિતિ વતી હાર્દિક આભાર...

– વિનોદ લીલાધર ચૌહાણ – પ્રભારી/ઉપપ્રમુખ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

મહિલા ઉત્કર્ષ

બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન

પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૮મો પ્રોજેક્ટ શ્રાવણ માસ સ્પેશ્યલ હૃદયસ્પર્શી ''ભક્તિમય સત્સંગ સરિતા'' મંગળવાર, તા. ૮-૯-૨૦૨૬ના રોજ કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત અંજાર ઘટકના **શ્રીમતી નેહલબેન જીતેશભાઇ પઢિઆર** તથા તેમના સહયોગી **શ્રીમતી કંચનબેન કેશવજીભાઇ પઢિઆર** અને સુપ્રસિદ્ધ ભજન ગાયિકા **શ્રીમતી ભારતીબેન ગોહિલ** દ્વારા બહેનોની ઓનલાઇન બહોળી ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી નેહલબેન જીતેશભાઇ પઢિઆર એ ગં.સ્વ. જયશ્રીબેન પ્રભુલાલભાઇ ચૌહાણ - ગાંધીધામના સુપુત્રી અને શ્રીમતી કંચનબેન કેશવજીભાઇ પઢિઆર - અંજારના પુત્રવધુ છે. નેહલબેન ૧૨ કોમર્સ પાસ હોઇ એક ગૃહિણી છે. નાનપણથી જ તેમના માતા પોતાના રોજીંદા કામો કરતા કરતા રેડિયો કે ટેપરેકોર્ડર પર ગીતો સાંભળતા ત્યારથી જ તેમને ગીતો સાંભળવા અને ગાવાનો શોખ છે. અભ્યાસ દરમિયાન શાળામાં પણ સંગીતનું બેઝિક જ્ઞાન મેળવેલ અને ગાવાનો અવસર મળ્યો હતો. ત્યાર બાદ લગ્ન થતાં જ ઘરની, પરિવારની, બાળકોની જવાબદારીઓમાં આ શોખ વિસરાઇ ગયો હતો. પરંતુ ત્રણેક વર્ષ પહેલા તેમણે ફરી પોતાના આ શોખને જીવવાનું અને માણવાનું નક્કી કર્યું. તેના માટે અત્યારે શાસ્ત્રીય સંગીતની તાલીમમાં વિશારદ થવા માટે ચોથા વર્ષની તૈયારી કરી રહ્યા છે.

નેહલબેનના આ શોખને પૂરો કરવાની શરૂઆત વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર કે જેઓ મહાસભાના મહામંત્રીશ્રી છે તથા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સરગમ ગ્રુપના એડમીન પણ છે. તેઆશ્રીએ ગ્રુપમાં જોડ્યા અને આગળ વધવા પ્રેરિત કર્યા. ગ્રુપમાં પણ તેમની ગાયકીને ખુબ પ્રોત્સાહન મળ્યું. આપણે સૌ જાણીએ છીએ કે શ્રી વિનોદભાઇ પઢિઆર પોતે પણ ઉચ્ચકક્ષાના ગાયક છે અને આ કલા તેમને માતા કંચનબેન પાસેથી મળી અને શ્રીમતી કંચનબેનને પણ તેમના માતા સ્વ. રામુબેન પાસેથી આ કલા



વારસામાં મળી છે. જેઓ ૧૦૪ વર્ષના હોઇ તેમના અંત સમય સુધી ભજન ગાતા રહ્યા હતા.

શ્રીમતી કંચનબેન કેશવજીભાઇ પઢિઆર (૮૩) જેઓ નેહલબેન સાથે ભક્તિમય સત્સંગ સરિતામાં તેમના સહયોગી બન્યા હતા. તેમના સાસુમાં છે અને આ ઉંમરમાં પણ ભજનો, આરતી, પ્રભાતિયાં, શ્લોક, સાંખી, થાળ વગેરે ૪૫૦થી પણ વધુ ભજનોનો સંગ્રહ તેમના પાસે છે અને તેમના પાસેથી પ્રેરણા મળે છે કે ઉંમર માત્ર એક નંબર છે કાંઇ પણ સારૂં અને નવું શિખવાની શરૂઆત આપણે ગમે તે ઉંમરે કરી શકીએ છીએ. આમ નેહલબેનને પ્રેરણાનો સ્ત્રોત તેમને ઘરમાં જ કંચનબેન અને વિનોદભાઇ પઢિઆરના રૂપમાં અને તેમના પતિ જીતેશભાઇ અને બાળકોના સાથ-સહકારથી મળતો રહે છે.

ભજન સામ્રાજ્ઞી અને રામાપીરના ભક્ત એવા શ્રીમતી ભારતીબેન અશોકભાઇ ગોહિલ એ પણ સત્સંગ સરિતામાં જોડાઇને આ પ્રોજેક્ટને સુમધુર ભજનો ગાઇને સફળ બનાવવામાં નેહલબેનને ખુબ સહયોગ આપ્યો હતો.

મહિલા ઉત્કર્ષ સમિતિના શ્રાવણ માસ સ્પેશ્યલ ભક્તિમય સત્સંગ સરિતા ૨૮માં પ્રોજેક્ટમાં શ્રીમતી નેહલબેન પઢિઆર, શ્રીમતી કંચનબેન પઢિઆર તથા શ્રીમતી ભારતીબેન ગોહિલ સર્વેએ મળીને મહાદેવજી અને કાનુડાના ભક્તિમય અને ખુબજ સુંદર ભજનોની રમઝટ બોલાવી દીધી હતી.

અંતમાં નેહલબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ અને તેમની ટીમ મહિલાઓને સશક્ત બનાવવાનું ખરેખર પ્રસંસનીય અને પ્રેરણાદાયક કાર્ય

કરી રહ્યા છે. "Learn & Earn" પ્રોજેક્ટસ દ્વારા આપણા સમાજની મહિલાઓને માત્ર નવી-નવી સ્કિલ્સ શીખવાનો અવસર જ નથી મળતો, પણ સ્વયં પર વિશ્વાસ કરવા અને આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધવાની પ્રેરણા પણ મળે છે. આ પ્રોજેક્ટનો હિસ્સો બનવું મારા માટે અત્યંત ગર્વ અને સન્માનની વાત છે. આ રૂડો અવસર આપવા બદલ હું દિલથી મહિલા ઉત્કર્ષ સમિતિની આભારી છું. મીતાબેન તમારો ભરોસો, વિશ્વાસ આ અવસર અને આ અનુભવ મારા માટે હંમેશા વિશેષ રહેશે... ખુબ ખુબ ધન્યવાદ... ઢોલી ભરતભાઇ સોલંકીને પણ ખુબ ખુબ ધન્યવાદ...

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી નેહલબેન જેવા ગુણી કલાકાર, સુમધુર ગાયીકા, શાસ્ત્રીય સંગીતના ઉપાસક, ખુબજ પ્રેમાળ, લાગણીશીલ સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા નેહલબેનને હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... હાર્દિક અભિનંદન આપી તેમના ઉજવલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે....

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :
સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
ચેકઈન ટાઈમ : સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઈમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા

SEBI પ્રમાણિત

યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય

માટે રોકાણ હેતુ

કૃપયા અમારો સંપર્ક કરો...

અમિત ગોપાલ ચૌહાણ

AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર

ARN - 290170

અંજાર (કચ્છ)

:: Contact ::

8401482462, 8866933113

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧-૦૧-૨૦૨૭ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

SHRI BALRAM NARSIBHAI CHAWDA
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

અન્નપુર્ણા - ૧



।। અન્નદાન મહાદાન ।।

પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઈ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

'અન્નપુર્ણા સંકલ્પધારી પરિવાર'

:: પ્રતિમાસ રૂા. ૬૦૦૦/૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::

શ્રી દિપેશભાઈ મગનલાલભાઈ જેઠવા પરિવાર	કલ્યાણ-યુએસએ	
શ્રીમતી સુરભીબેન મનોહરભાઈ વિરમભાઈ ટાંક પરિવાર	અમદાવાદ	
શ્રી સુભાષભાઈ રતિલાલભાઈ ચાવડા પરિવાર	ગોંદિયા-નાગપુર-વડોદરા	
'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર	માધાપર	(પ્રમુખશ્રી મહાસભા)
શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ પરિવાર	કુમ્હારી	(ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રીમતી રૂચિતાબેન જીગ્નેશભાઈ મગનલાલ જેઠવા	કલ્યાણ	

:: પ્રતિમાસ રૂા. ૨૦૦૦/૧૫૦૦/- ૧૦૦૦/- ના માનદ્ દાતાશ્રી ::

શ્રી શિવલાલભાઈ કરસનભાઈ ચાવડા પરિવાર	જયપુર (રાજ.)	(મામાશ્રી)
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઈ જેઠવા પરિવાર	અંજાર	(પ્રભારી - અન્નપુર્ણા યોજના)
શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ	લાતુર	(પ્રભારી - મહિલા ઉત્કર્ષ સમિતિ મહાસભા)
ડૉ. શ્રી કાંતિલાલભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડા સર (એમ.એસ.)	જયપુર (રાજ.)	(પ્રમુખશ્રી રાજસ્થાન પ્રાદેશિક સમિતિ)
'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઈ જેઠવા	અંજાર	હ. શ્રી શાંતિલાલભાઈ જી. જેઠવા - અંજાર
શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઈ સોલંકી	અંજાર	
માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલભાઈ રાઠોડ	દુર્ગ	હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઈ રાઠોડ - અંજાર
શ્રી ભુપેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ ચાવડા પરિવાર	રાયપુર	
ગં.સ્વ. ઉર્મિલાબેન અનિલભાઈ કેશવજીભાઈ ટાંક પરિવાર	અંજાર	હ. શ્રી સુરેશભાઈ અનિલભાઈ ટાંક - અંજાર
માતૃશ્રી કસ્તુરીબેન સૌભાગ્યલાલભાઈ ચૌહાણ (સિનુગ્રા)	અંજાર	હ. શ્રી ઉમેશભાઈ એસ. ચૌહાણ - અંજાર
શ્રીમતી મીનાબેન અશોકભાઈ ધારશીભાઈ ટાંક પરિવાર	નાગપુર	હ. શ્રી રાઘવભાઈ અશોકભાઈ ટાંક - નાગપુર
ગં.સ્વ. વંદનાબેન રસીકભાઈ ટાંક (પૂર્વ પ્રમુખ અ.ભા.મ.મહામંડળ)	બાલાઘાટ	

:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સહયોગી દાતાશ્રી ::

સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઈ ધનજીભાઈ પઢિઆર પરિવાર	અંજાર	હ. શ્રી અજયભાઈ પઢિઆર
ગં.સ્વ. માયાબેન ભરતભાઈ વાઢેર	અંજાર	
સ્વ. નટવરલાલભાઈ ભનુભાઈ પરમાર	અંજાર	હ. શ્રી પરેશભાઈ, શ્રી ગિરિશભાઈ પરમાર
શ્રી ભરતભાઈ જેઠાલાલભાઈ રાઠોડ	માધાપર	પ્રમુખશ્રી માધાપર યુવા મંડળ
શ્રી દિપકભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ પરિવાર	માધાપર	
શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક	અંજાર	વરીષ્ઠ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ
માતૃશ્રી શાન્તાબેન સુર્યકાંતભાઈ વેગડ પરિવાર	અંજાર	હ. શ્રી પ્રવિણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ
શ્રી અરૂણભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ	માધાપર	
ઈશા રાજેશભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ પરિવાર	હૈદ્રાબાદ	

(**વિનંતી :** ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઈ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(**નોંધ :** ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

માધાપર ઘટક

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૦૫-૧૦-૨૦૨૬, સોમવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૨૨મો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૪૦ બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી ગીરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા



હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકોએ લાભ લીધો હતો.

બાલાઘાટ ઘટક



દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલાઘાટ ઘટક દ્વારા વરીષ્ઠ નાગરિક મંડળનું ગેટ-ટુગેધર તેમજ જુલાઇ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં આવેલ સભ્યોના જન્મ દિવસની ઉજવણી કાર્યક્રમ સમાજવાડીમાં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યું. વરીષ્ઠ નાગરિક મંડળના સભ્યો ૬.૦૦ કલાકેથી સમાજવાડીમાં ભેગા થયા. સમયસર પધારનાર પ્રથમ પાંચ સદસ્યોને હર્ષભેર આવકારતા ઘટકના પદાધિકારીઓ-મહિલા મંડળ તેમજ યુવા મંડળના સર્વે આગેવાનોએ સ્વાગત કરતા તેઓને ઉપહાર આપવામાં આવેલ હતા. આ ગેટ-ટુગેધર કાર્યક્રમ માટે વરીષ્ઠ નાગરીક સભ્યો ઉત્સાભેર વાટ જોતા હોય છે તેમજ ઘટક પણ હર્ષની લાગણી સાથે આયોજન કરવા તત્પર રહે છે. કાર્યક્રમનું પ્રારંભ કરતા સર્વે સભ્યો વચ્ચે એક લક્કી ગેમ તેમજ સપ્ટેમ્બર મહિનામાં કૃષ્ણ જન્માષ્ટમી હોવાના કારણે એક્ટિવીટી ગેમ કૃષ્ણજી જોડાયેલ રજુ કરવામાં આવેલ હતું તેમજ એક લક્કી ગેમ રાખવામાં આવ્યું. બન્ને પ્રસ્તુતિઓમાં વરીષ્ઠજનોએ ખુબજ ઉત્સાહપૂર્વક અને આનંદથી ભાગ લઇ વધાવેલ હતું. તદોપરાંત હાઉસી રમત પણ રમાડવામાં આવેલ હતી. આ ઉપરાંત કૃષ્ણ જન્મ નાટિકાનું મંચન થયું. મટકીફોડ શ્રી કૃષ્ણનો હિંડોળો, આકર્ષણ ધરાવતું સેલ્ફી પોઇન્ટ, પંજરી પ્રસાદ વિતરણ આવા માહોલમાં સહુ ભાવવિભોર થઇ ખુબજ આનંદ લીધો હતો.

ત્યાર બાદ એ સભ્યો જેમનો જન્મદિવસ જુલાઇ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં આવે છે તેઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં જન્મદિવસ નિમિત્તે કેક કાપી હેપ્પી બર્થડે ના ગાયન કરતા એકબીજાને કેક ખવડાવી જન્મદિવસ ઉજવ્યું સાથે જ તેઓને જન્મ દિવસની વધામણીનું અભિનંદન પત્ર પણ આપવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી દર્શનભાઇ રાઠોડ સી.એ. દ્વારા એક નાનકડી વાર્તા રજુ કરવામાં આવેલ. વરીષ્ઠ નાગરિક મંડળના સભ્યોને પણ પોત-પોતાના અનુભવોથી ભરેલ વિચારો સહુ સમક્ષ રજુ કરવા મંચ આપવામાં આવેલ હતું. સર્વે સભ્યોએ સમૂહભોજમાં સ્વાદિષ્ટ વાનગીઓ આરોગી સૌ છુટા પડ્યા હતા.

આદિપુર ઘટક



આદિપુર ઘટક દ્વારા વૃક્ષારોપણ પર્વ - ૨૦૨૬ તા. ૯-૮-૨૦૨૬ થી ૩૦-૮-૨૦૨૬ સુધી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકીએ આદિપુર ઘટક વોટ્સએપ ગ્રુપમાં સમાજબંધુઓને વૃક્ષારોપણ માટે અપીલ કરેલ. આ અપીલને માન આપી સમાજબંધુઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ અને તેના ફોટો ગ્રુપમાં શેર કરવામાં આવેલ. વૃક્ષારોપણ કરનાર દરેક સભ્યોનો આભાર માની



મધર્સ ડેના આ અવસરે યોજાયેલ ઈજ્ઞજ્ઞસ ઠ્ઠાવિં ખજ્ઞળ સ્પર્ધાએ માતૃત્વના સ્નેહ અને પરિવારના પ્રેમને વધુ મજબૂત બનાવવાનો સુંદર સંદેશ આપ્યો. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, મુંબઈ મહિલા મંડળ પશ્ચિમ દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસના શુભ અવસરે વોટ્સએપ ગ્રુપમાં શ્રીમદ ભગવદ ગીતાના ૧૫માં અધ્યાય પુરુષોત્તમ યોગના પાઠ અને અધ્યયનનું આયોજન



કરવામાં આવ્યું હતું . અધ્યયનના અંતર્ગત રોજ શ્રીમદ ભગવત ગીતા ૧૫માં અધ્યાયના પાંચ શ્લોકને સંધિ છૂટી પાડી શુદ્ધ ઉપચાર સાથે શીખવવામાં આવ્યું હતું જેનું બહેનોએ લાભ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે તાળીયોગ નું વિશેષ પ્રવૃત્તિનો આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન આદરણીય કાંતાબેન કોન્ટ્રાક્ટરે કર્યું હતું. ગુરુપૂર્ણિમાના ઉત્સવની ઉજવણી સ્વરૂપે બહેનોએ ગુરુ મહિમા વિશે શ્લોક, પાઠ, ગુરુભક્તિ ગીત, ગુરુ પર કવિતા તથા પોતાના જીવનમાં કોઈ ગુરુએ આપેલું એવું માર્ગદર્શન કે પ્રસંગ મહિલા મંડળના ગ્રુપ ઉપર રજૂ કર્યા હતા. અખિલ ભારતીય મહિલા મહા મંડળ દ્વારા યોજાયેલ પ્રતિયોગીતામાં ભાગ લીધો હતો જેમાં શ્રીમતી જ્યોતિબેન ચાવડા અને કૃતિબેન ચૌહાણ વિજેતા પણ બન્યા હતા. અખિલ ભારતીય મહિલા મહા મંડળ દ્વારા આયોજિત ભજન પ્રતિયોગીતામાં શ્રીમતી ભાવનાબેન ચૌહાણ અને શ્રીમતી પ્રતિમાબેન વેગડ વિજેતા બન્યા હતા. ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ઓનલાઇન સ્વાતંત્ર્ય દિવસ ક્વિઝનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં બહેનોએ ભાગ લીધો હતો.

રક્ષાબંધન નિમિત્તે રાખડી થાળી સજાવટ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા પ્રમીલાબેન ચાવડા દ્વિતીય વિજેતા ખ્યાતિબેન વેગળ અને તૃતીય વિજેતા અમીબેન રાઠોડ રહ્યા હતા તથા પ્રોત્સાહન ઇનામ પૂજાબેન યાદવ મીનલબેન કોન્ટ્રાક્ટર, માયાબેન ચાવડા અને સાનવી ચાવડા ને મળ્યા હતા. શ્રાદ્ધના પવિત્ર દિવસોમાં એકલા રહેતા સિનિયર સિટીઝનો માટે ટિફિન સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેના અંતર્ગત કુલ ૭૨૨ ટિફિન વડીલોને પહોંચાડવામાં આવ્યા હતા.

વડોદરા મહિલા મંડળ



વડોદરા મહિલા મંડળ દ્વારા વડોદરા ઘટકના સહકારથી તા. ૧૧/૧૦/૨૦૨૬ના રોજ વડોદરા ખાતે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મા આદ્યશક્તિની આરાધના, આપણી સમૃદ્ધ સંસ્કૃતિ અને સમાજની એકતાને સમર્પિત આ મહોત્સવમાં અંદાજે ૩૦૦ સમાજબંધુઓએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધ કરી





હતી. આ મહોત્સવમાં બાળકોની નિર્દોષ ખુશી, યુવાનોનો ઉત્સાહ, બહેનોની કલાત્મકતા અને વડીલોનો અનુભવ અને આશીર્વાદ એક સાથે જોવા મળ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સૌના સહકાર અને સહભાગિતાએ આ પ્રસંગને માત્ર કાર્યક્રમ નહીં પરંતુ સમાજના સ્નેહમિલનમાં પરિવર્તિત કર્યો હતો. મહોત્સવનું મુખ્ય આકર્ષણ વિવિધ વયજુથો માટે આયોજીત ગરબા સ્પર્ધા રહી હતી. દરેક વયના સ્પર્ધકોએ પોતાની કળા, આત્મવિશ્વાસ અને પરંપરાગત ગરબાની સુંદરતા રજુ કરી હતી. જેમાં સ્પર્ધાની કેટેગરી (૧) બાલક-બાલિકા - ૬ થી ૧૩ વર્ષ (૨) યુવક-યુવતી - ૧૪ થી ૩૦ વર્ષ (૩) ભાઇઓ-બહેનો - ૩૧ વર્ષ તથા તેનાથી વધુ (૪) કપલ ગરબા - પતિ-પત્ની માટે (૫) સિનિયર સિટીઝન - ૭૦ વર્ષથી વધુ. દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ ઇનામ રાખવામાં આવેલ હતા. આ સ્પર્ધાઓએ સાબિત કર્યું કે આપણી સંસ્કૃતિની સુંદરતા માત્ર પરંપરાને જાળવવામાં નથી, પરંતુ દરેક પેઢીને તેની સાથે જોડવામાં પણ રહેલી છે. આ ભવ્ય નવરાત્રી મહોત્સવમાં મુખ્ય પ્રાયોજક શ્રી હિરેનભાઇ સુભાષભાઇ ચાવડા તથા પરિવારનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવેલ. દાતાશ્રીઓનું યોગદાન માત્ર આર્થિક સહાય નહીં પરંતુ સમાજ પ્રત્યેની લાગણી અને આગામી પેઢી માટે સંસ્કૃતિ જાળવી રાખવાની પ્રતિબદ્ધતાનું પણ પ્રતિક બને છે. મહિલા મંડળ સર્વે દાતાઓ મુખ્ય પ્રાયોજક, સહપ્રાયોજક, સાઉન્ડ સિસ્ટમના પ્રાયોજક, ઇનામ પ્રાયોજક, સહયોગી પ્રાયોજક અને શુભેચ્છા પ્રાયોજકોનો આભાર વ્યક્ત કેરલ. નવરાત્રીના પાવન પર્વને વધુ અર્થસભર બનાવવા કન્યા પૂજન અને બટુક પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સહુ સમુહ ભોજનનો આનંદ માણી છુટા પડ્યા હતા.

કેંજોરગઢ મહિલા મંડળ



કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૮-૨૦૨૬ના રોજ સમાજ વાડી માં હરિયાળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪:૦૦ વાગ્યે યોજાયેલા આ કાર્યક્રમમાં સમાજની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે રાખડી સજાવવાની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં બહેનોએ ફૂલોથી સુંદર રાખડીઓ બનાવી હતી. સ્પર્ધામાં પ્રથમ ઇનામ શ્રીમતી અંકિતાબેન રાઠોડ, દ્વિતીય ઇનામ શ્રીમતી શ્વેતાબેન પઢિયાર અને તૃતીય ઇનામ શ્રીમતી સોનલબેન રાઠોડને મળ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી ધનગૌરીબેન રાઠોડ તથા શ્રીમતી રીતાબેન રાઠોડ એ પોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યારબાદ શ્રીમતી રેખાબેન યાદવ, શ્રીમતી પુનિતાબેન રાઠોડ, શ્રીમતી અલકાબેન રાઠોડ, શ્રીમતી અરુણાબેન ચાવડા, શ્રીમતી શીતલબેન ચાવડા, શ્રીમતી રીતાબેન રાઠોડ, કુ. આરાધ્યાબેન, શ્રીમતી મયુરીબેન ચાવડા, કુ. દેવાંશીબેન ચાવડા,શ્રીમતી યાશિકાબેન ચાવડા, શ્રીમતી આરતીબેન રાઠોડ, શ્રીમતી ભૂમિબેન ચાવડા તથા શ્રીમતી અંકિતાબેન રાઠોડ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. અંતે વિવિધ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું અને અલ્પાહાર સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

તા. ૨૨-૦૮-૨૦૨૬ ના રોજ મહિલા મંડળ દ્વારા સમાજ વાડી માં સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪ વાગ્યે શરૂ થયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધાપૂર્વક સુંદરકાંડના પાઠમાં ભાગ લીધો હતો. તા. ૧૪-૯-૨૦૨૬ના રોજ યુવક મંડળ દ્વારા મહિલા મંડળના સહયોગથી ગણેશ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૩.૦૦ વાગ્યે પૂજાનો પ્રારંભ થયો હતો. પુજા માં શ્રી નીતેશ ભાઈ રાઠોડ બેઠા હતા. સમાજના ભાઈઓ તથા બહેનોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન શ્રી ગણેશજીની પૂજાનો લાભ લીધો હતો. તા. ૧૮-૯-



૨૦૨૬ના રોજ ગણેશજીનું વિધિવત વિસર્જન કરવામાં આવ્યું હતું. તા. ૨૧.૯.૨૦૨૬, સોમવારે કેંજોરગઢ સમાજવાડી મધ્યે શ્રી રામદેવપીર જયંતિનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. સાંજે ૫:૦૦ વાગ્યે શ્રી રામદેવપીરનો વરઘોડો ગં. સ્વ. કાંતાબેન બાલમજીભાઇ પઢિયાર ના નિવાસસ્થાને થી નીકળી સમાજવાડી પહોંચ્યો હતો. ત્યારબાદ ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવેલ હતું. ઓમ ભાઈની ભજન મંડલી તથા મહિલા મંડળ દ્વારા સુંદર ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. રાત્રે સૌ ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ આયોજનમાં સારી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી ભજન તથા મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

કુકમા મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળની સર્વે બહેનો તથા ભાઇઓ દ્વારા સપ્ટેમ્બર-૨૬ના એક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૫૬ બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં લકઝરી બસ દ્વારા કુકમાથી સૌ પ્રથમ દુધઇ ટેકરી આશ્રમ દર્શન કરી ત્યાં નાસ્તો કરી અને કબરાઉ મોગલમાં મંદિરે દર્શન કર્યા. ત્યાર બાદ કચ્છનું પ્રસિદ્ધ યાત્રાધામ એવું કટારીયા માનસ હનુમાન મંદિરે શ્રી હનુમાનજીના દર્શન કર્યા અને ત્યાં સર્વેએ



પ્રસાદ લઇ રાપર તાલુકાનું એકલિંગ માતાજી ખુબજ સુંદર સ્થળ ત્યાં માતાજીના રાસગરબા રમ્યા અને દર્શન કરી કુકમા બસમાં આનંદ માણતા પરત રાત્રે પહોંચ્યા હતા.

તા. ૧૯-૯-૨૦૨૬ના જનરલ મીટીંગ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન ટાંકના અધ્યક્ષ સ્થાને મળી હતી. સૌ પ્રથમ પ્રભુ પ્રાર્થના કરી દીપ પ્રાગટ્ય કરેલ. સામાજીક પ્રશ્નોની ચર્ચા તેમજ લક્કી ડ્રો રાખવામાં આવેલ અને ઇનામો આપેલ. કુકમા મધ્યે સમુહ ભાગવત યોજનારી છે માટે કેતનભાઇ ચૌહાણ - ઘટક પ્રમુખશ્રીએ માર્ગદર્શન આપેલ અને વ્યવસ્થા સમિતિઓની રચના કરેલ. અંતમાં આભારવિધી કરી મનિષાબેન તથા અર્ચનાબેન પરમારે સંચાલન કર્યું હતું.

તા. ૧૧-૧૦-૨૦૨૬, રવિવારના સમાજવાડીમાં સ્પેશ્યલ ગરબા મ્યુઝીક હાઉઝીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૨૫ બહેનોએ ભાગ લઇ નવરાત્રી ઉત્સવની ઉજવણી કરેલ. ભુજથી હેતલબેન ગોરે ગરબાની રમઝટ બોલાવેલ હતી. દરેકને ઇનામોથી પ્રોત્સાહીત કરવામાં આવેલ



તેમજ સમુહ ભાગવત માટે વ્યવસ્થા માટેની ચર્ચા કરેલ અને અંતમાં ગરબા રમ્યા, માતાજીની સ્તુતિ કરેલ, આભારવિધી કરી અલ્પાહાર લઇ સૌ છુટા પડેલ હતા. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઉષાબેન ચૌહાણે કરેલ હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ - શોભનાબેન ટાંક, સરપંચ - રસીલાબેન રાઠોડ, ઉપપ્રમુખ - અનસુયાબેન પરમાર, સહમંત્રી અર્ચનાબેન પરમાર, લલીતાબેન વરૂ, ભાનુબેન પરમાર તેમજ અન્ય સમિતિની બહેનોએ કાર્ય સંભાળ્યું હતું. સર્વેનો આભાર માનવામાં આવેલ.

આદિપુર મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૨૬-૦૯-૨૦૨૬ના રોજ નીતાબેન રાઠોડના ઘરે કરેલ હતું. અર્જુન ગીતાનો પાઠ કરી શુભ શરૂઆત કરી, ત્યાર બાદ નીતાબેને એક સરપ્રાઇઝ ગેમ રાખેલ હતી. જેમાં કલાબેન ચાવડાનો નંબર આવેલ. તેનું ખુબ સુંદર સ્વાગત બુકે , તાજ અને ક્વીનનો એવોર્ડ આપેલ તે બદલ કલાબેને મંતવ્ય રજુ કરેલ. ત્યાર બાદ બધા સાથે રમી શકાય તેવી એકને હાર પહેરાવાની અને તે ઉતારી બીજાને પહેરાવાનો હતો. તેમાં ચેતનાબેન ચૌહાણ અને સોનલબેન ચૌહાણનો નંબર આવ્યો હતો. નીતાબેન તરફથી બન્નેને ઇનામ આપવામાં આવેલ હતા. ત્યાર બાદ હાઉજી



ગેમ રમેલ. અલ્પાહાર બાદ બધા છુટા પડેલ હતા.



યુવા મંચ

પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા. યુવા મહામંડળ

કાર્યવાહક સમિતિ તથા સામાન્ય સભાની સૂચના
ત્રિ–વાર્ષિક અધિવેશન – માધાપર

પ્રતિ,

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિમંત્રણ કે, યુવા મહામંડળની કાર્યવાહક સમિતિ એવં સામાન્ય સભાની બેઠક નીચે મુજબ યોજવામાં આવેલ છે. આ બેઠકમાં યુવા મહામંડળના આગામી સત્ર : ૨૦૨૭-૨૦૨૯ માટે નવા પ્રમુખશ્રીની પસંદગી અંગે મહત્વપૂર્ણ ચર્ચા-વિચારણા તથા જરૂરી નિર્ણય લેવામાં આવનાર છે. આપ સર્વેની અનિવાર્ય ઉપસ્થિતિ રહી સમાજના યુવાનોના ઉત્કર્ષ માટે આપનું અમૂલ્ય યોગદન આપવા હાર્દિક આમંત્રણ છે.

તા. ૨૬/૧૨/૨૦૨૬, શનિવાર,

સમય : સાંજે ૪.૦૦ થી ૭.૩૦ કલાક સુધી

સ્થળ : યક્ષ મંદિર સંકુલ, માધાપર (કચ્છ) ગુજરાત

:: કાર્યસૂચી ::

૧. દીપ પ્રાગટ્ય
૨. પ્રભુ પ્રાર્થના
૩. સ્વાગત
૪. શ્રદ્ધાંજલિ
૫. ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
૬. અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારોના અહેવાલ
૭. યુવા ઉત્કર્ષના કાર્યો માટે ચર્ચા-વિચારણા
૮. આગામી કાર્યક્રમો તથા આયોજન અંગે ચર્ચા
૯. યુવા મહામંડળ પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
૧૦. સત્ર ૨૦૨૭-૨૦૨૯ માટે નવા પ્રમુખશ્રીની પસંદગી અંગે ચર્ચા અને નિર્ણય
૧૧. ઉપસંહાર

નોંધ : જે કોઇ યુવાન પોતાના સુઝાવ મોકલવા ઇચ્છતા હોય તેમને વિનંતી કે, તા. ૧૫-૧૨-૨૦૨૬ સુધી **મહામંત્રીશ્રીને ઇ–મેલ** દ્વારા મોકલી આપવા વિનંતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
અખિલ ભારતીય યુવા મહામંડળ
ત્રિ-વાર્ષિક અધિવેશન - માધાપર

વિશેષ સન્માન સમિતિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની વિશેષ સન્માન સમિતિ દ્વારા સત્ર ૨૦૨૪-૨૦૨૭ દરમિયાન અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત આવતી યુવા પ્રાદેશિક સમિતિઓ તેમજ યુવા મંડળો દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ સામાજિક કાર્યોની નોંધ લેવામાં આવશે અને આગામી અંતિમ અધિવેશન દરમિયાન તેઓને વિશેષ સન્માન કરવામાં આવશે.

સત્ર ૨૦૨૪-૨૦૨૭ દરમિયાન સમાજ તથા યુવાનોના ઉત્કર્ષ માટે આયોજિત વિવિધ કાર્યક્રમો, સામાજિક પ્રવૃત્તિઓ, નયુવા ઉત્કર્ષથ જેવા કાર્યક્રમો તેમજ અન્ય વિશિષ્ટ સમાજલક્ષી કાર્યોની વિગતો અને ફોટોગ્રાફ્સ મંગાવવામાં આવે છે.

તમામ યુવા પ્રાદેશિક સમિતિઓ તેમજ યુવા મંડળોને વિનંતી છે કે સત્ર દરમિયાન કરવામાં આવેલ તેમના વિશિષ્ટ કાર્યોની વિગતવાર માહિતી સાથે ફોટોગ્રાફ્સ નીચે આપેલ ઈ-મેલ આઈડી પર મોકલી આપે, જેથી વિશેષ સન્માન માટે યોગ્ય કામગીરીની પસંદગી કરી શકાય.

નોંધ :-

(૧) વિશિષ્ટ કામગીરીની વિગતો સાથેના ફોટોગ્રાફ્સ તા. ૧૫-૧૧-૨૦૨૬ સુધીમાં ઈ-મેલ દ્વારા મોકલવાના રહેશે.

(૨) તા. ૧૫-૧૧-૨૦૨૬ બાદ આવેલ પ્રસ્તાવો/માહિતી ઉપર વિચારણા કરવામાં નહીં આવે.

(૩) તમામ કામગીરીના ફોટોગ્રાફ્સ વ્યવસ્થિત રીતે ડઉક્ર ફાઈલ બનાવીને મોકલવા વિનંતી છે.

(૪) વિશેષ સન્માન માટે અંતિમ નિર્ણય વિશેષ સન્માન સમિતિનો રહેશે.

માહિતી મોકલવા માટે ઈ-મેલ:

myyuvamahamandalgmail.com

શુભ લાભ

અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી સર્વે સમાજબાંધવોને
દિવાળીને હાર્દિક શુભકામનાઓ એવં નૂતન વર્ષાભિનંદન

નૂતન વર્ષના નવલાં પ્રભાતે આપણો સમસ્ત સમાજ અંધશ્રદ્ધા, વહેમ, કપોળ કલ્પીત માન્યતાઓ રૂપી અંધકારને દૂર કરી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદી એવં પ્રકૃતિપ્રેમના સથવારે સુખ, સમૃદ્ધીનાં અવનવા શિખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ રામ રામ...

ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ

અ.ભા.યુવા મહામંડળ દ્વારા આયોજિત AI માસ્ટર ટ્રેનિંગ કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા સમાજના યુવાનોને આધુનિક ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ક્ષેત્રમાં પ્રાયોગિક જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત થાય તેવા હેતુથી AI Master Training Programનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો પ્રારંભ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬થી કરવામાં આવ્યો હતો અને સતત ૬ દિવસ સુધી દરરોજ રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી ઓનલાઈન તાલીમ આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન શીખવવામાં આવેલા AI Tools:

૧. ૧૬ સપ્ટેમ્બર - ChatGPT, ૨. ૧૭ સપ્ટેમ્બર - Google Gemini, ૩. ૧૮ સપ્ટેમ્બર - Google Flow, ૪. ૧૯ સપ્ટેમ્બર - Suno AI, ૫. ૨૦ સપ્ટેમ્બર - Google Pomelli, ૬. ૨૧ સપ્ટેમ્બર - Claude. તાલીમ સંપૂર્ણપણે Practical Hands-on રાખવામાં આવી હતી, જેથી ભાગ લેનાર યુવાનો માત્ર AI વિશે જાણકારી મેળવે એટલું જ નહીં પરંતુ તેનો વાસ્તવિક જીવન અને વ્યવસાયિક કાર્યોમાં ઉપયોગ પણ કરી શકે.

તાલીમના મુખ્ય વિષયો : Content Creation, Digital Marketing, Productivity વધારવી Business અને Professional Work, AI દ્વારા સમય અને મહેનત બચાવવાની વિવિધ રીતો. દૈનિક તથા વ્યવસાયિક જીવનમાં AI નો અસરકારક ઉપયોગ, આ સમગ્ર તાલીમનું માર્ગદર્શન શ્રી પંકજભાઈ સોલંકી દ્વારા આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન યુવાનોને વિવિધ AI Tools નો સરળ અને વ્યવહારુ ઉપયોગ શીખવવામાં આવ્યો.

કાર્યક્રમના આયોજન અને માર્ગદર્શન માટે અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખશ્રી શ્રી ગૌરવભાઈ ટાંકનો વિશેષ સહયોગ રહ્યો. સમગ્ર કાર્યક્રમના સંકલન અને વ્યવસ્થાપનમાં અખિલ ભારતીય યુવા મહામંડળ ઉપપ્રમુખશ્રી ઈશિતાબેન ટાંક નો મહત્વપૂર્ણ ફાળો રહ્યો.

તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ભાગ લેનાર તમામ સભ્યોને પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના યુવાનોને AI ની પ્રેક્ટિકલ અને ઉપયોગી માહિતી આપી, અભ્યાસ, વ્યવસાય, રોજગાર તથા દૈનિક જીવનમાં અંઈ નો સ્માર્ટ અને અસરકારક ઉપયોગ કરવા સક્ષમ બનાવવાનો હતો. આ કાર્યક્રમ દ્વારા યુવાનોને બદલાતા ટેકનોલોજીના યુગ સાથે કદમ મિલાવીને Learn, Adapt Grow with AI તરફ આગળ વધવા માટે એક ઉત્તમ તક મળી. આ કાર્યક્રમ અખિલ ભારતીય યુવા મહામંડળ દ્વારા યુવાનોના જ્ઞાન, કૌશલ્ય અને ભવિષ્યલક્ષી વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ અને નવીન પગલું રહ્યું.

ગોંદિયા યુવા મંડળ

મહાસભા ઘટકોને આંગણે મહાસભાના કાર્યક્રમ દરમ્યાન ગોંદિયા ઘટક મધ્યે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી સાથે વિનોદભાઇ ખોડિયાર અને અ.ભા.યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવભાઇ જગદીશભાઇ ટાંક, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ ગોંદિયા મુકામે પધારેલ હતા. જેમનું ભવ્ય સ્વાગત અને સત્કાર કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન યુવા મહામંડળના પ્રમુખશ્રીનું સ્વાગત શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ સાથે ભેટ આપીને યુવા મંડળના પ્રમુખ શ્રી

દાનિશભાઇ કમલેશભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું. ત્યાર બાદ મહાસભા દ્વારા યુવા મંડળના પ્રમુખનું શાલ, પુષ્પગુચ્છ અને શુભેચ્છા ભેટ આપી સન્માન કરવામાં આવેલ હતું.

તા. ૨૩-૦૮-૨૦૨૬ના દિવસે ગોંદિયા ઘટકની મહા સમિતિની બેઠકમાં યુવા મંડળના નવનિયુક્ત પ્રમુખ શ્રી દાનિશભાઇ કમલેશભાઇ રાઠોડ દ્વારા ગોંદિયા યુવા મંડળના નવા કાર્યકારીણીની ઘોષણા કરવામાં આવેલ હતી.

જેમાં શ્રી દાનિશ કમલેશભાઇ રાઠોડ - પ્રમુખ, શ્રી હિરેન અજીતભાઇ રાઠોડ - ઉપપ્રમુખ, શ્રી દિપક મહેન્દ્રભાઇ પરમાર - ઉપપ્રમુખ, શ્રી હિતેશભાઇ ધીરજલાલ પરમાર - મંત્રી, શ્રી ભાવેશ ખુશાલભાઇ રાઠોડ - સહમંત્રી, શ્રી પૂર્વી જય પરમાર - સહમંત્રી, શ્રી મુકુલ વિજયભાઇ રાઠોડ - કોષાધ્યક્ષ, શ્રી ગૌરવ અમૃતલાલ વેગડ - સલાહકાર પ્રમુખ તથા સલાહકાર મંડળમાં પાંચ સભ્યો અને ૧૧ કાર્યકારીણી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

ત્યાર બાદ તેમના ઉદ્‌બોધનમાં ખાસ રૂપે કહેવામાં આવ્યું હતું કે, ઘટકના દરેક યુવા સુધી પહોંચવું એ યુવા મંડળનું કર્તવ્ય છે સાથે જ યુવા મંડળના ગ્રુપમાં દરેક ૧૫ વર્ષથી લઇને ૪૫ વર્ષ સુધીના યુવાનોનો સમાવેશ હોવો જોઇએ. જેથી કરીને યુવા મંડળના અને સમાજના દરેક કાર્યક્રમની સુચના તેમના સુધી સીધી પહોંચી શકે. સાથે જ જોર આપ્યું હતું કે, યુવા મંડળમાં બહેનોનું પણ યોગદાન લેવામાં આવશે. જેમાં ૧૫ થી લઇને ૩૫ વર્ષ સુધીની દીકરીઓ અને વહુઓનું સમાવેશ કરવામાં આવશે જેથી કરીને તેમના અંદર પણ સામાજીકતાના ભાવ અને સમાજથી જોડાણ થઇ શકાય. આ ઘોષણા ઉપર ઉપસ્થિત સર્વે સભ્યોએ તાડીઓ વડે પ્રસ્તાવનું સ્વાગત કરેલ હતું.

ક ગુ. ક્ષ. કન્યા છાત્રાલય કુકમાની સામાન્ય સભા તથા સરસ્વતી સન્માન કાર્યક્રમનો અહેવાલ



શ્રી ક. ગુ. ક્ષ. કન્યા છાત્રાલય કુકમા ની સામાન્ય સભા તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ છાત્રાલયના પ્રમુખ સમાજ રત્ન શ્રી વિનોદભાઈ પી સોલંકી ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુલાલભાઈ ચૌહાણ, કચ્છ પ્રાદેશિક મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, મહાસભા મેરેજ બ્યુરો સમિતિના પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી તથા કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણ ઉપસ્થિત રહેલા હતા.

મંત્રી શ્રી રમેશચંદ્ર ચૌહાણ સૌને શાબ્દિક આવકાર આપ્યા બાદ મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. છાત્રાલયના વર્તમાન ચેરમેન તથા પૂર્વ પ્રમુખ સ્વ. જેઠાલાલભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર, વડોદરા નું હાલમાં નિધન થતાં તેમની છાત્રાલયની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. ગત વરસમાં ઉચ્ચ ગુણાંક મેળવી પાસ થનાર છાત્રાલયની વિદ્યાર્થીનીઓને ઇનામોના દાતા સમાજ રત્ન શ્રી વિનોદભાઈ સોલંકી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ , કોષાધ્યક્ષ શ્રી અનિલભાઈ ચૌહાણ સહ મંત્રીઓ શ્રી રસિકભાઈ ચૌહાણ તેમજ ઉમંગભાઇ પરમાર અને સહ વ્યવસ્થાપક



અનસુયાબેન પરમાર ના હસ્તે ઇનામો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત છાત્રાલય બહારની વિદ્યાર્થીનીઓને ઇનામના દાતા સ્વ રતનબેન રામજી ટાંક દ્વારા ઇનામો અર્પણ કરવામાં આવેલ હતા. છાત્રાલયમાં ધોરણ ૧૦ માં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીની ધ્યાની ટાંક ને અંજાર નિવાસી દાતા શ્રીમતી કાંતાબેન કનકસિંહભાઈ પઢિયાર દ્વારા ₹૩,૦૦૦ નું ઇનામ અર્પણ કરવામાં આવેલ હતું. આ ઉપરાંત છાત્રાલયમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને પણ તેમના દ્વારા રોકડ ભેટ આપવામાં આવેલ હતી. માધાપર નિવાસી શ્રીમતી જમનાબેન દામજી ભાઈ વરુ દ્વારા પણ દરેક વિદ્યાર્થીનીઓને ભેટ આપવામાં આવેલી હતી. છાત્રાલયમાં અભ્યાસ કરતી દરેક વિદ્યાર્થીનીઓની છાત્રાલય ફી તેમ જ શાળાની ફી ભરપાઈ કરવા બદલ છાત્રાલયના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકીનું આ બેઠકમાં વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

ચાલુ વર્ષે છાત્રાલયને ₹૫૧,૦૦૦ ની ભેટ આપનાર માધાપર નિવાસી દાતા ગંગાસ્વરૂપ અમૃત બેન શાંતિલાલ રાઠોડ નું આ બેઠકમાં ખાસ સન્માન કરવામાં આવેલ હતું.

જાન્યુઆરી ૨૦૧૭માં છાત્રાલયના મોતી મહોત્સવ ની ઉજવણી અંગેની માહિતી છાત્રાલયના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ એ આપેલી હતી. તેમણે જણાવેલ કે આ મહોત્સવની ઉજવણી પાછળ નો હેતુ છાત્રાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ પરસ્પર મળે તેમ જ છાત્રાલયની પ્રવૃત્તિઓનો પ્રચાર પસાર થાય તે રહેશે. અધ્યક્ષ સ્થાનેથી બોલતા છાત્રાલયના પ્રમુખ સમાજ રત્ન વિનોદભાઈ સોલંકી એ મોતી મહોત્સવની ઉજવણી માટે તેમના તરફથી તમામ પ્રકારના સહયોગની ખાતરી આપી ભવ્ય રીતે ઉજવણી કરવા અનુરોધ કરેલ હતો. ગત વરસના છાત્રાલયની વિદ્યાર્થીનીઓના સુંદર પરિણામ બદલ તેઓશ્રીએ માનદ વ્યવસ્થાપક શ્રી મોહનભાઈ ચૌહાણ તથા સમગ્ર સંચાલન સમિતિ અને સ્ટાફને અભિનંદન આપેલ હતા.

બેઠકની તમામ વ્યવસ્થા સહ વ્યવસ્થાપક અનસુયાબેન પરમાર, કારોબારી સભ્યો ઉષાબેન ચૌહાણ, શોભનાબેન ટાંક, ભાવનાબેન ચૌહાણ તથા યોગેશભાઈ ટાંક અને સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ હતી..

કેળવણી મંડળ દ્વારા અંજારને આંગણે યોજાયો કચ્છ સ્તરનો સરસ્વતી સન્માન સમારંભ



કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોના સમાજના તેજસ્વી છાત્રોનો પ્રાદેશિક સ્તરનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ તા. ૪.૧૦.૨૦૨૬.રવિવારના રોજ અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી, સમાજભવન મુખ્ય હોલ મધ્યે કેળવણી મંડળના પ્રમુખ ડો. મનોજભાઈ પી. સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આરંભે કેળવણી મંડળના મંત્રીશ્રી અનિલભાઇ ડી. ચૌહાણએ પધારેલ સૌ મહાનુભાવોને સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરાવેલ અને પ્રમુખશ્રી ડો.મનોજભાઈ પી. સોલંકી સાથે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પી. સોલંકીજી, ઉપપ્રમુખો શ્રી મનોજભાઈ વેગડ, શ્રી વિનોદભાઈ ચૌહાણ, બ્ર.કુ.શ્રી બાબુભાઈ પરમાર, શ્રી લાધુરામભાઈ રાઠોડ, શ્રી બલરામભાઈ જેઠવા, શ્રી વિનોદભાઈ જેઠવા, પૂર્વ પ્રમુખ શ્રી કુંવરજીભાઈ ટાંક, અંજાર ઘટક પ્રમુખ અને મહાસભા વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયાર, મહામંત્રી શ્રી વિનોદભાઈ પઢિયાર, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, અ.ભા.મ.મંડળના વરિષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક, અ.ભા.યુવા મંડળના મહામંત્રી શ્રી પ્રતીકભાઈ ટાંક,મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા પ્રાદેશિક પ્રમુખ જયભારત જેઠવા,અંજાર બોર્ડિંગ પ્રમુખશ્રી મુકેશભાઈ ટાંક વગેરે મહાનુભાવોના વરદ હસ્તે સરસ્વતી માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી.

અંજાર ઘટકની નાની બાલીકાઓ દ્વારા સુંદર સરસ્વતી વંદના અને સ્વાગત નૃત્ય બાદ, મંડળના મંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણએ કેળવણી મંડળ તરફથી દર વર્ષે આયોજિત થતા સરસ્વતી સન્માન અને ઇનામ વિતરણ કાર્યક્રમ વિશે વિસ્તૃત



માહિતી આપી હતી. ચાલુ વર્ષથી જે નવા દાન દાતાશ્રીઓએ આ કાર્યમાં દાન રૂપે પોતાનો અમુલ્ય સહકાર આપેલ છે તે તમામ દાન દાતાશ્રીઓની ભાવનાને નમન કરી, તેઓને ધન્યવાદ આપેલ હતા અને ઉપસ્થિત તમામ મહાનુભાવો, પદાધિકારીશ્રીઓ, દાનદાતાશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરેલ ઉપરાંત પુષ્પ ગુચ્છ અને શાલ વડે પણ મહાનુભાવોનુ સન્માન કરવામાં આવેલ હતું. અંજાર ઘટક દ્વારા પણ ઉપસ્થિત મહાનુભાવોને પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું.

કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ૨૦ ઘટકો માંથી પધારેલ ૧૮૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થી અને વિધાર્થીનીઓને નર્સરીથી અનુસ્નાતક એમ તમામ કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવી પોતાના પરિવારને અને સમગ્ર સમાજને ગૌરવ અપાવવા બદલ, ઇનામી યોજનાના દાતાશ્રીઓના વરદ હસ્તે તેમજ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે પ્રમાણપત્ર તથા ઈનામો આપી સન્માનિત કરવામાં આવેલ હતા. તમામ ધોરણોમાં ત્રણ ક્રમાંકમાં ન આવી શકનાર વધારાના ત્રણ વિદ્યાર્થીઓને આશ્વાસન રૂપે પણ પ્રમાણપત્ર અને ઈનામો સ્વ.પુરુષોત્તમ ડાયાભાઈ સોલંકી પરિવાર (માધાપર) હસ્તે સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી.સોલંકીજીના વરદ હસ્તે આપી સન્માનિત કરવામાં આવેલ હતા. ઈનામો મેળવતા વિધાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરેલ હતા. વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ ટ્રેક એન્ડ ફિલ્ડ, સ્વિમિંગ તેમજ પી.એચ.ડી. કરેલ છાત્રોને તેમની ઉપલબ્ધિ બદલ પ્રમાણપત્રો અને ઇનામો આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું. કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી દીપકભાઈ રાઠોડની જી.પી.એસ.સી. બોર્ડ મેમ્બર તરીકે નિમણૂક અને સહમંત્રીશ્રી કેતનભાઈ ચૌહાણને ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ ફાર્માશિષ્ટનો એવોર્ડ મળતા અને શ્રી વિનોદભાઈ પઢિયારને પણ ભારત સરકારના નીતિ આયોગે તેઓની સામાજિક અને શૈક્ષણિક યોગદાનના કદર રૂપે એવોર્ડ આપી સન્માનિત કરતા, આજના કાર્યક્રમમાં કેળવણી મંડળના માનદમંત્રી રમેશભાઈ ચૌહાણે ત્રણે મહાનુભાવોએ પોતાના ક્ષેત્રમા કરેલ સામાજિક કાર્યોની જાણકારી આપેલ અને ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે તેઓને પણ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા.

પ્રાસંગિક ઉદબોધનમાં અંજાર ઘટકના પ્રમુખ વિનોદભાઇ ખોડીયારએ ઈનામ મેળવતા છાત્રોને અભિનંદન આપી અને આવા સુંદર મજાના કાર્યક્રમના યજમાન બનાવવા બદલ આનંદની લાગણી વ્યક્ત કરેલ હતી. કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ ચૌહાણે પણ ઈનામો મેળવતા બાળકોને અભિનંદન આપી,અન્ય બાળકોને પણ આમાંથી શીખ લેવા અનુરોધ કરેલ. શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા પણ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપેલ હતા. મહાસભાના ઉપ પ્રમુખ શ્રી મનોજભાઈ વેગડએ જણાવ્યું કે સરસ્વતિના ઉપાસકોના સન્માન માટેના સુંદર કાર્યક્રમમા ઉપસ્થિત રહ્યા બદલ ખૂબ ખુશી થઈ છે. પોતાના પરિવાર તરફથી ત્રણ ધોરણોમા ઇનામી દાતાશ્રી તરીકે સહકાર આપેલ છે.અને જ્યારે જરૂર પડશે ત્યારે અમો આવી પ્રવૃત્તિઓમા આર્થિક સહકાર માટે તત્પર રહીશું.મહાસભા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણે પણ આજના સન્માન કાર્યક્રમમા ઈનામો મેળવતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી અને કેળવણી મંડળની શૈક્ષણિક સમિતિની અથાગ મહેનતને પણ યાદ કરી તમામ શિક્ષક મિત્રોનો પણ આભાર વ્યક્ત કરેલ હતો.મહાસભા ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ જેઠવાએ પણ ઇનામો મેળવેલ બાળકોને અભિનંદન આપેલ. રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકીજીએ પણ છાત્રોને બિરદાવી, હાલના સમયમાં શિક્ષણના વ્યાપ ઉપર પ્રકાશ પાડેલ હતો અને આવતા સમયમાં ખૂબ સુંદર પરિણામ મેળવી પોતાના પરિવારને તથા સમાજને ગૌરવ અપાવવા વિદ્યાર્થીઓને હાકલ કરેલ હતી. વિધાર્થીઓના ઉત્કર્ષના આવા સરસ કાર્યક્રમ બદલ રાજીપો વ્યક્ત કરેલ તેમજ મહાસભાની શિક્ષણ સહાય યોજના અભિલાષાની જાણકારી આપી એનો લાભ લેવા અનુરોધ કરેલ હતો. પોતાના પરિવાર તરફથી પણ ઘણા વર્ષોથી કેળવણીની આ પ્રવૃતિમા આશ્વાસન ઈનામો રૂપી સહકારનો વિશેષ આનંદ વ્યક્ત કરેલ હતો.સભાના અધ્યક્ષ સ્થાનેથી કેળવવી મંડળના પ્રમુખ ડો.મનોજભાઈ સોલંકીએ આજના કાર્યક્રમમાં સન્માનિત થએલ છાત્રોને અભિનંદન આપી અને શૈક્ષણિક ક્ષેત્રે કેળવણી મંડળની પ્રવૃત્તિઓ અને યોગદાન ઉપર પ્રકાશ પાડેલ હતો. કેળવણી મંડળ દ્વારા ભુજ અને અંજાર મુકામે ચાલતા વિદ્યાર્થી ભવનોમા

અભ્યાસ કરતા સમાજના બાળકો માટે મંડળ હંમેશા તત્પર રહી કાર્યો કરેછે.મંડળ દ્વારા નિયમીત યોજાતા શૈક્ષણીક આયોજનો તથા રોજગાર લક્ષ્મી તાલીમના ક્ષેત્રે પણ કાર્યરત કે.જી. કે. વોકેશનલ ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટની વિગતવાર જાણકારી આપેલ. અંજાર ભવન મુકામે ચાલી રહેલા રોજગાર લક્ષી અભ્યાસની માહિતી આપી,સમાજના કચ્છ બહારના વિદ્યાર્થીઓને પણ આવા રોજગાર લક્ષી ભણતરનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરેલ હતો. કાર્યક્રમના સુંદર આયોજનમાં અંજાર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળનો પણ સાથ સહકાર મળેલ એ બદલ, સમાજ મહાસભા તથા કેળવણી મંડળ દ્વારા ત્રણેય પ્રમુખોનું શાલ વડે સન્માન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મંડળના મંત્રીઓ અનિલભાઈ ભાઈ ચૌહાણ અને રમેશભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ, સહમંત્રીશ્રી કેતનભાઈ ચૌહાણ, શૈક્ષણિક સમિતિના સભ્યો એવા ઉમંગભાઇ પરમાર, ઉમેશભાઈ ચૌહાણ, પિયુષભાઈ ટાંક તથા અંકિતભાઈ ચૌહાણએ કરેલ હતું. મંડળના કોષાધ્યક્ષ પ્રભુલાલભાઈ પરમાર,અંજાર ભવનના મુકેશભાઈ ખોડીયાર, પ્રદીપભાઈ ટાંક સાથે અંજાર ઘટકના ભાઈઓ/બહેનોએ સુંદર સહકાર આપેલ. કાર્યક્રમના અંતે કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણએ ઉપસ્થિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ,વાલીઓ, દાન દાતાશ્રીઓ, અંજાર ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના હોદેદારોનો કેળવણી મંડળ તથા અંજાર ઘટક વતી આભાર દર્શન કરેલ હતું.



સમાજ ગૌરવ



કચ્છ યુનિવર્સિટી ખાતે યોજાયેલા દીક્ષાંત સમારોહમાં પર્યાવરણ વિજ્ઞાન વિષયમાં અનુસ્નાતક (એમ.એસ.સી.) કક્ષાએ શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ મનોજભાઈ ટાંક (માધાપર ઘટક ખજાનચી)ની સુપુત્રી રિદ્ધિ ટાંકને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે રિદ્ધિ ટાંકને ગોલ્ડ મેડલ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કચ્છના સાંસદ શ્રી વિનોદ ચાવડા સહિત યુનિવર્સિટીના કુલપતિ, ડીન, અધ્યાપકો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તેમની આ સિદ્ધિથી પરિવાર, અધ્યાપકો તેમજ સમગ્ર કચ્છ યુનિવર્સિટીનું ગૌરવ વધ્યું છે. રિદ્ધિને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

અનંતની યાત્રાએ...

અમદાવાદ (નાગલપર) નિવાસી ચિંતનભાઇ નરેન્દ્રભાઇ રાઠોડનું તા. ૧૪-૦૯-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (સિનુગ્રા) નિવાસી જનકબેન જશવંતભાઇ ચાવડાનું તા. ૧૩-૦૯-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કેંજોરગઢ (ખેડોઇ) નિવાસી શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ (ઉ.વ.૬૩)નું તા. ૮-૧૦-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

સૌજન્ય

Cell : 94242 12886

શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – છત્તીસગઢ ઑબ્ટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

Occupation : Designer - I in NUTANX

U.S. Based Co-oncloud Computing


।। શુભ દિપાવલી એવં નૂતન વર્ષાભિનંદન ।।
સમસ્ત ભારતભરમાં વસતા તમામ સમાજબાંધવોને દિપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામના પાઠવું છું.
દિપાવલી પર્વ આપના જીવનમાં ઉજાસ, સર્વ પ્રકારે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યપ્રદ નિવડે તેવી પ્રભુ
શ્રીરામચંદ્ર ભગવાનના શ્રીચરણોમાં પ્રાર્થના...
:: ભવિષ્ય સુરક્ષા હેતુ સુચન ::
લોન : લોન સુવિધા આપે છે, પણ જીવનની આઝાદી છીનવી લે છે.
બચત (સેવિંગ્સ) : બચત (સેવિંગ્સ) વધે છે, તેટલી શાંતિની ઊંઘ આપે છે.
મોંઘી વસ્તુઓ : મોંઘી વસ્તુઓ તાત્કાલિક ખુશી આપે છે,પણ વર્ષોનું મૂલ્ય લઈ જાય છે.
શેરબજાર : શેરબજાર સારૂં વળતર આપે છે, પણ તમારા ધૈયની પરીક્ષા લીધા પછી જ.
સ્ટાર્ટઅપ : આઇડીયા તમારો, જોખમ પણ તમારું, પણ જો સફળ થયું તો ભવિષ્ય બદલી નાખશે
નિષ્ક્રિય આવક : અસલી પૈસો એ જ છે જે સૂતી વખતે પણ કામ કરે.
જિંદગીમાં સાચો ઈન્વેસ્ટમેન્ટ એ છે - "જીવન વીમા અને મેડિક્લેમ"
0% GST સાથે, સુરક્ષા, શાંતિ અને સંતોષની ખાતરી.
સરકારનો સંદેશ સ્પષ્ટ છે – "બગાડ પર 40%" "સુરક્ષા પર 0% GST"
(સમજદારીની પસંદગી કરો–ઇન્શ્યોરન્સ લો, સુરક્ષિત રહો ! 0% GST" સાથે)
:: વધુ માહિતિ માટે સંપર્ક કરો ::
MITESH J. KHODIYAR
Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham
LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA


।। ઓમ શાંતિઃ ।।
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઇપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઇ અરજણભાઇ પરમાર
(ખંભરા)
ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)



R SQUARE

WESTSIDE
zudio

4 SCREEN MULTIPLEX
By Shree - Jayshree Cinema

Jayshree Cinema Compound, Chala, Vapi.

TOYOTA

RATHOD TOYOTA

SALES | SERVICE | SPARES

VAPI • VALSAD • NAVSARI • SILVASSA





RATHOD KIA

SALES | SERVICE | SPARES

VAPI • VALSAD • SILVASSA

---

croma

in-store I online I mobile

AT RATHOD CHAMBERS & FORTUNE LANDMARK
VAPI





SANDY RESORT

Devka Beach, Daman.
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com

Late **Amratlal V. Rathod**

Nitin A. Rathod	Ashok A. Rathod	Rajen A. Rathod	Ashish A. Rathod
9898 907750	9898 907740	9898 907744	9898 907747

Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.



Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms




Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

Hotel Surbhi™ The Relief Home




Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE



Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

NISHANT CHAVDA
+91-81419 06635

Gayatri estate

SURBHI GROUP OF COMPANIES

B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



Anil Khodiyar
+91 98252 36151

Sumeet Khodiyar
+91 98791 95121

Jigar Khodiyar
+91 98794 04009

Khodiyar Group

Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System

Electrical Contractors | Consultants | Engineers

Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels




Authorised Importer

TENSE® ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.



LS ELECTRIC



Authorised Distributor

C&S electric

RR KĀBEL

Schneider Electric

socomec Innovative Power Solutions

atandra measure. protect. conserve | KRYKARD

Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com www.urjaengg.com


Helping India
Invent the future









UNITRON
The Instrumentation People



Vipin Rathod
Managing Director

UNITRON INSTRUMENTATION PVT. LTD

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.

Head Office:

127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717

Email- info@unitron.in
Web: www.unitron.in

Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938 Published on November-2026
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

॥ જય સિયારામ ॥





SHREE RAM GROUP OF INDUSTRIES
SINCE 1977

SHREE RAM
Group of Industries

Mines Owner, Supplier &
Exporter of Curde Chine Clay
Lavigeted China Clay
Kaolin Powder & Silica Sand



'સમાજ રત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ
સોલંકી



મોહિત વી. સોલંકી

Bhuj-Madhapar Highway, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
www.shreeramkaolin.com
E-mail: info.shreeramgroup@gmail.com

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.